# આપની આજ

મોબાઈલ૯૮૨૫૪૭૩૬૬૫
- ભાવેશ એન પટ્ટણી
Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com



## આજનું પંચાંગ

| | |
|---|---|
| ઉદિત તિથિ | પૂર્ણિમા રાત્રે ૮:૧૮ સુધી, ત્યાર બાદ પ્રતિપદા |
| વાર | શનિ |
| નક્ષત્ર | અશ્વિની સાંજે ૫:૫૮ સુધી, ત્યાર બાદ ભરણી |
| કરણ | વિષ્ટિ સવારે ૭:૦૧ સુધી, બવ ૮:૧૮ સુધી, ત્યાર પછી બાલવ |
| યોગ | સિદ્ધિ સવારે ૪:૨૭ સુધી ત્યાર બાદ નવેમ્બર ૧ સવારે વ્યતિપાત |
| આજની રાશિ | મેષ |
| રાશિના અક્ષરો | અ. લ. ઈ |

## આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

**મેષ (અ. લ. ઈ.)**
આજે તમારો દિવસ છે. ઘણો ફાયદો થાય એમ છે. બિલકુલ ઉતાવળ કરશો નહીં અને આપ જો ઉતાવળ કરશો તો નુકસાન થવાની સંભાવના છે. આજના દિવસે નાણાકીય લાભ થવાની શક્યતાઓ છે. અન્ય લોકો આપને દોરવી જાય તેવું પણ બને. પ્રવાહમાં તણાશો નહીં. કોઈ પણ નવું કામ શરુ કરાય. વિજયી ભવ.

**વૃષભ (બ. વ. ઉ.)**
આજના દિવસે તબિયત અને મૂડ – બંને સાચવજો. કોઈ ખોટું ડિલિંગ ન થઈ જાય, તે બાબતે સાવચેત રહેજો. આજના દિવસે લોકો આપને નાસીપાસ કરે તેવું બને. અપેક્ષાઓ ઓછી રાખશો. જીવનસાથી સાથે સારો સમય પસાર કરી શકો. નોકરી ધંધામાં મધ્યમ કે તેથી ઉતરતો દિવસ. પણ, ‘એ પણ પસાર થઈ જશેલ્લ.

**મિથુન (ક. છ. ઘ)**
આજના દિવસે ન ધારેલા સૂત્રો દ્વારા લાભ થઈ શકે. અણધાર્યા સારા સમાચાર મળી શકે. નવા સંપર્કો થવાથી લાભ થાય. જે લોકોની સાથે આપને સારો નાતો છે, તેમનાથી પણ લાભ થાય. પણ, કોઈ બાબતે ખોટું લગાડીને નહીં બેસી જતાં હોં ને ? ખેલદિલી રાખજો. લગ્નોત્સુક લોકો માટે આજે નવા પરિચયની પૂરી સંભાવના.

**કર્ક (ડ. હ.)**
આજનો દિવસ મહેનતના અંતે સારી સફળતા અપાવે તે પ્રકારનો છે. આજે આત્મવિશ્વાસમાં વધારો થશે. એવું બને કે જે રીતે બીજા લોકો આપનો ઉપયોગ કરે છે તેમ આપ પણ સંપર્કો અને લોકોનો ઉપયોગ કરી શકો. નોકરીમાં સુપીરીયર્સ સાથે/ઉપરીઓ સાથે સંબંધ સુધારો. આજે કાર્યદક્ષ રહેશો અને એ બાબત આપને બહુ ફાયદો આપશે. દિવસ સારો છે, લાભ લઈ લો, આજના ગ્રહોનો.

**સિંહ (મ. ટ.)**
આજના દિવસે જે જે લોકો આપની સાથે સંકળાયેલા હશે તેમને અને આપને લાભ થશે. પરંતુ, એક બાબતનું ધ્યાન રાખજો કે કોઈની સાથે જીભાજોડી કે ઈગો પ્રોબ્લેમ ન થાય. આજનો દિવસ નવા આયામો આપે તે પ્રકારનો છે. ઉચ્ચ અભ્યાસ થઈ શકે અથવા પોતાના વ્યવસાયમાં નવું કશું શીખવા મળે. બિઝનેસમાં નવી તકો આપની સામે આવે.

**કન્યા (પ. ઠ. ણ)**
આજનો દિવસ નજાકતથી હેન્ડલ કરજો. આપ સ્વભાવે પ્રેક્ટીકલ છો પણ પોતાના ફાયદા બાબતે સંવેદનશીલ પણ છો. આજે લાભની આશા ઠગારી નિવડે, જેનાથી આપને થોડો ગુસ્સો આવે. એવું લાગે કે ગણતરીઓ ખોટી પડે છે. વારંવાર નફા-નુકસાન તરફ ધ્યાન જાય. નોકરિયાતોને એમ લાગે કે મહેનતના પ્રમાણમાં વળતર નથી. નકારાત્મક વિચારો ટાળો.

**તુલા (ર. ત.)**
આજે આપ લાઈમલાઈટમાં રહેવાના છો. કાર્યસ્થળે લોકો આપને કેન્દ્રબિંદુ બનાવશે. સોશિયલ મિડિયા પર છવાઈ જવા માટે આજનો દિવસ ઉત્તમ છે. આજે નવા સંબંધો વિકસી શકે. આપને બીજાઓની આજે બીજાઓને આપની કંપની (સંગાથ) ગમશે. મુસાફરી કરશો તો લાભ થશે. નવાં વસ્ત્રો અને વસ્તુઓ ખરીદી શકાય.

**વૃશ્ચિક (ન. ય.)**
મહેનતનો વિકલ્પ નથી. આજે, થોડું બર્ડન વધારે પડે, કાર્યભાર રહેશે. કદાચ આજનો દિવસ થોડો હેકટિક રહેશે. દોડાદોડી વધુ રહે તેવું પણ બને. આ બધું આપ ભવિષ્ય માટે કરી રહ્યાં છો એ બરાબર છે પણ ‘પહેલું સુખ તે જાતે નર્યાંલ્લ એ કહેવત યાદ રાખી અને તબિયત પર સંપૂર્ણ ધ્યાન આપજો. નવી નોકરીમાં ઈન્ટરવ્યુ આપવા માટે સારો દિવસ.

**ધન (ભ. ફ. ધ. ઢ)**
ભાગ્ય આપની તરફેણમાં છે. શેરબજારમાં રોકાણ કર્યું હોય તો આજે વળતર સારું મળી શકે, જરા પોર્ટફોલિયો ચેક કરી જોજો. વિધાર્થીઓ માટે ઉત્તમ દિવસ છે. જે લોકો પ્રેમમાં છે અને ઘરે વાત કરવા ઈચ્છે છે, તેમના માટે પણ શુભ દિવસ. કાર્યક્ષેત્રમાં આપનું પરફોર્મન્સ સારું રહેશે. આપને એમ સમજાશે કે બળ અને કળ, બંનેના સમન્વયથી જ સફળતા મળતી હોય છે.

**મકર (ખ. જ.)**
આજે વધારાની ચિંતાઓ બાજુ પર મુકો અને થોડું ઘરમાં ધ્યાન આપો. પરિવારની જરૂરિયાતો પ્રત્યે સભાન બનો અને તેમને પૂછો કે તેમની ઈચ્છા શું છે. નોકરી ધંધો મહત્વના છે પણ પરિવાર પડખે હશે, તો જ આપ સારી રીતે કામ આકરી શકશો. નવું ઘર કે વાહન જોવું હોય તો સારો દિવસ. ઘર માટે નવી વસ્તુઓની ખરીદી પણ થાય.

**કુંભ (ગ. શ. સ.)**
આજના દિવસે આપને અવનવા વિચારો આવશે. એમ લાગશે, કે ‘આમ કર્યું હોત તો? તેમ કર્યું હોત તો?લ્લ ભૂતકાળ તરફ જોવાને બદલે, ભવિષ્યનું જ વિચારો. ભૂલોમાંથી શીખો. આજે સારું કમ્યુનિકેશન થાય, એવી વ્યક્તિ સાથે કે જે આપના વિચારો સમજી શકે છે. ટૂંકા અંતરની મુસાફરી કરવા અથવા તેના આયોજન માટે સારો દિવસ છે. વિચાર અને વાણીની ગતિને લગામ આપજો, જેથી રિલેક્સ રહેવાય.

**મીન (દ. ચ. ઝ. થ)**
આપના પ્રિય વ્યક્તિઓ, કુટુંબીઓ સાથે સારો સમય પસાર થાય. આજે આર્થિક ઉન્નતિના આસાર દેખાય. એવું પણ બને કે આપ પોતાની વાણી દ્વારા કોઈનું દિલ જીતો, કોઈને ખુશ કરો અને તેથી આપને વધુ લાભ થાય. આજે ધનનો સંચય પણ કરી શકશો. ટૂંકમાં, દિવસ સારો છે એમ કહી શકાય.

# રાજ્યમાં ૨૪ કલાકમાં નવા ૯૮૭ કેસ

## રાજ્યમાં કોરોનાથી કુલ ૬ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૬૦૦૨૨૭૩ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૫૫૧૦૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨૯

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૪૮,૬૪૮ નવા કેસ નોંધાયા છે. જેમાં ૫૬૩ લોકોના મોત થયા છે. કેરળ, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર અને કર્ણાટક અને દિલ્હીમાં સૌથી વધુ પ્રકોપ જોવા મળ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કેરળમાં ૭૦૨૦, મહારાષ્ટ્રમાં ૫૯૦૨, દિલ્હીમાં ૫૭૩૯, કર્ણાટકમાં ૪૦૨૫ કેસ નોંધાયા છે તો ગુજરાતમાં પણ નવા ૯૬૯ કેસ નોંધાતા હવે રાજ્યમાં કોરોનાનો કુલ આંકડો પણ ૧૭૨૦૦૯એ પહોંચ્યો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૫૧,૬૫૭ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૬૦,૦૨,૨૭૩ થયો છે. રાજ્યમાં ૯૬૯ નવા દર્દીઓ સામે ૧૦૨૭ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧,૫૫,૧૦૫ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૭૯૪.૭૨ ટેસ્ટ થાય છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૧૦,૮૬૫ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૫,૧૦,૭૫૮ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૧૦૭ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૩૧૯૦ એક્ટિવ કેસ છે. જેમાંથી ૬૨ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જયારે ૧૩,૧૨૮ની સ્થિતિ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. ૨૪ કલાકમાં વધુ ૬ દર્દીઓ મોતને ભેટ્યા છે. જેમાં રાજકોટ કોર્પોરેશનમાં ૧, સુરત કોર્પોરેશનમાં ૨, પાટણમાં ૧ અને અમદાવાદ કોર્પોરેશનમાં ૨ દર્દીઓના મોત નીપજ્યા છે.

# વિદ્યુતનગર ટાઉનશીપ કૌંભાડનો આરોપી ઝડપાયો

## અડાલજ બાલાપીર સર્કલ પાસેથી હેમલ પટેલને પોલીસે ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૩૦

વાવોલ - પુન્દ્રાસણ માર્ગ પર વિદ્યુતનગર ટાઉનશીપમાં



પ્લોટ આપવાનું કહીને ૧૨૦ કરોડનું કૌંભાડ સામે આવ્યું હતું. ત્યારે આ કૌંભાડમાં છેલ્લા એક વર્ષથી નાસતા-ફરતા આરોપીને અડાલજ બાલાપીર સર્કલ પાસેથી પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે આરોપીના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરીને આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર રેન્જ વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે રેન્જ આઈજી અભય ચુડાસમાએ ટીમની રચના કરી છે. જે અંતર્ગત એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાને ખાનગી રાહે બાતમી મળી હતી કે પેથાપુર પોલીસ મથકે નોંધાયેલ છેતરપિંડીના ગુનામાં નાસતા ફરતા આરોપી અડાલજ બાલાપીર સર્કલ નજીકથી પસાર થવાનો છે. જેને પગલે પોલીસે હેમલ મનુભાઈ પટેલ (રહે. સેક્ટર-૬ બી પ્લોટ નં.૭૪૬-૨ મુળ રહે.પોર ગામ)ને પકડી પાડ્યો હતો. વાવોલ-પુન્દ્રાસણ માર્ગ પર પુન્દ્રાસણ ગામની સીમમાં ૧૨૦૦ જેટલા સભાસદોને પ્લોટ આપવાનું કહીને સભાસદો પાસેથી રૂ.૯ થી ૧૧ લાખ લેવામાં આવ્યા હતા. માર્ચ-૨૦૧૧ માં ટાઉનશીપ સ્કિમ પ્રારંભ કર્યા પછી સભાસદોને પ્લોટ ન ફાળવીને રૂપીયા ૧૨૦ કરોડનું ફુલેકુ ફેરવનાર વ્યકિતઓ સામે ગત વર્ષે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી. તે સમયે કેશરીસિંહ શીવસિંહ ચૌહાણ, સરોપકુંવરબા ઉર્ફે સ્વરૂપબા રૂઘનાથસિંહ કુંપાવત, કુલદિપસિંહ કેશરીસિંહ ચૌહાણ, અશોકભાઈ ભવાનભાઈ પટેલ, કેયુર અશોકભાઈ પટેલ અને પ્રવિણભાઈ ભીખાભાઈ પાનસરીયા સામે ગુનો નોંધાયો હતો. ત્યારે આ કેસમાં હેમલ પટેલનું નામ પણ ખુલ્યું હતું, ત્યારબાદ તે ફરાર હતો. સમગ્ર રૂ.૧૨૦ કરોડના કૌંભાડમાં હેમલ પટલે સભાસદો પાસેથી રૂ.૬૦ કરોડ ઉઘરાવ્યા હતા. જયારે એલસીબી પોલીસે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



જલારામ મહિલા મંડળના બહેનો નવરાત્રી અને શરદપૂનમની ઉજવણી નિમિત્તે માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે જલારામ મંદિર ખાતે ભેગા થયા હતા અને માતાજીની આરતી કરીને છુટા પડયા હતા.



કોરોના કાળમાં લગભગ તમામ તહેવારોની ઉજવણી કોઈ કોલાહલ વગર ખૂબ જ શાંતિથી થઈ રહી છે. કયાંય મેળા કે જુલુસ યોજાતા નથી. ભીડ એકઠી કર્યા વગર ખૂબ જ શાંતિથી તહેવારોની ઉજવણી થઈ રહી છે. પયંગમ્બર સાહેબના જન્મદિને ઉજવાતા ઈદે મિલાદની ઉજવણી પણ ખૂબ જ સાદાઈથી થઈ હતી. દર વર્ષે યોજાયું જુલુસ આ વખતે મોકુફ રહ્યું હતું અને મસ્જીદોમાં પણ ભીડ એકત્ર થઈ ન હતી. સોશિયલ ડિસ્ટન્સીંગ અને માસ્ક સાથે ઈલે મિલાદની ઉજવણી મુસ્લિમ બિરાદરોએ કરી હતી.

# રખિયાલ-મોડાસા માર્ગ પર ભાદરોડા પાસેથી વિદેશી દારૂની ૨૦૬૪ બોટલ ઝડપી પાડી

## રખિયાલ પોલીસે એક જ દિવસમાં બે વાહનોમાંથી દારૂ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકના રખિયાલ પોલીસે એક જ દિવસમાં બે વાહનોમાંથી વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. મોડાસા માર્ગ પર આવેલા ભાદરોડ ગામ પાસેથી વાહન ચેકીંગ દરમિયાન સવારના સમયે પોલીસે ટાટા એસ ડાલામાંથી ૭૭ નંગ દારૂની બોટલ સાથે બે વ્યકિતને પકડી પાડ્યા હતા. જયારે સાંજના સુમારે એટીએમ મશીનમાં કેશ ભરવા માટે ઉપયોગમાં લેવાતી બંધ બોડીની ટેમ્પો ટ્રાવેલરમાંથી રખિયાલ પોલીસે વિદેશી દારૂની ૨૦૬૪ બોટલ સાથે એક વ્યકિતને ઝડપી પાડ્યો હતો. પોલીસે દારુ, ટેમ્પો, સહિતના મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રખિયાલ-મોડાસા માર્ગ પર ભાદરોડા ચાર રસ્તા પાસે રખિયાલ પીએસઆઈ એ.જે.શાહ, હેડ કોન્સ્ટેબલ વિષ્ણુભાઈ , મહેશકુમાર, બાબુભાઈ, પો.કો. જયેશકુમાર, અુરાગ તેમજ સચિનકુમાર સહિત ટીમના સભ્યો વાહન ચેકીંગ કરી રહ્યા હતા તે સમયે પીએસઆઈને ખાનગી રાહે બાતમી મળી હતી, કે જી.જે.૨૭.એકસ.-૫૩૮૯ નંબરના ટાટા એસ જીપ ડાલામાં વિદેશી દારૂ ભરી પસાર થવાનું છે. જેને પગલે સ્ટાફના કર્મચારીઓ તે દિશામાં સક્રિય હતા. ત્યારે બાતમીવાળુ ડાલુ દેખાતા તેને રોકવા માટે ઈશારો કર્યો હતો. ડ્રાઈવરે ડાલુ રોકતા પોલીસે કેબીનમાં તપાસ કરતા ડ્રાઈવર સીટની નીચે તૈયાર કરાયેલા ગુપ્ત ખાનામાંથી રૂ.૬૭,૫૪૪ ની કિંમતની દારુની ૭૭ બોટલ મળી આવી હતી. પોલીસે ટેમ્પોમાં દારૂ લઈને જઈ રહેલા અશોકજી કેશાજી ઝાલા (રહે.બારૈયાની મુવાડી, કુહા તા.દસક્રોઈ જી.અમદાવાદ૦ તેમજ ચિરાગ જયંતિલાલ પટેલ (રહે.જગતનગર વિભાગ-૨ ઈન્ડીયા કોલોની બાપુનગર અમદાવાદ)ને પકડી પાડ્યા હતા.

જયારે આ માર્ગ પર થી સાંજના સમયે બેંકના એટીએમમાં કેશ ભરવા માટે ઉપયોગમાં લેવાતી બંધ બોડીની જી.જે.૦૬.એ.વાય.૪૩૫૫ નંબરની ટેમ્પો ટ્રાવેલરમાં લઈ જવાતો રૂ.૬,૪૩,૨૦૦ ની




કિંમતની ૨૦૬૪ વિદેશી દારુની બોટલના જથ્થા સાથે ડી.એલ.૧.એલ.પી.-૨૭૮૮ નંબરની બે નંબર પ્લેટ તેમજ મોબાઈલ સાથે વિજયસિંગ રામસિંગ વાલ્મીકી (રહે. બહાદુરગઢ, હરીયાણા) ને પકડી પાડ્યો હતો. પોલીસે દારૂ, વાહનો અને ત્રણેય વ્યકિત સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

## ખૂણેખાંચરેથી

- સે. ૨૧માં ફોન સેરવી લેવાની ઘટનાઓ વધી જવા પામી છે. જિલ્લા પંચાયતમાં પ્રમુખના પી.એ. તરીકે સેવાઓ આપી વય નિવૃત્ત થયેલ ગિરીશ ભટ્ટનો ફોન પણ સે. ૨૧માં સેરવી લેવાયો હોવાની વાત છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આગામી દિવસોમાં વિવિધ કેડરોમાં બદલીનો ગંજીફો ચીપાશે તેવી અટકળો તેજ બની છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે પણ કોરોનાથી સંક્રમિત થનાર દર્દીઓ કરતાં રિકવર થઈ ડિસ્ચાર્જ થનાર દર્દીઓની સંખ્યા વધુ છે. તંત્રએ થોડીક રાહત અનુભવી છે.
- ગાંધીનગરમાં હજુ ઠંડીનું આગમન જોઈએ તેવુ થયુ નથી દિવસનું તાપમાન પણ વધારે રહેતુ હોવાથી ઠંડીનો ચમકારો ૧૫મી પછી જોવા મળશે તેમ મનાઈ રહ્યુ છે.
- ગાંધીનગર મનપામાં સતત વિવાદો ચાલી રહ્યા છે હવે સફાઈની ગ્રાન્ટને લઈ વિવાદ ઉભો થયાની વાતો બહાર આવી રહી છે.
- શુક્ર-શનિની રજા હોવા છતાં પાટનગરમાં વિવિધ કાર્યક્રમો અને મુલાકાતોને પગલે તંત્ર દોડતુ રહ્યુ છે.

## બનાસકાંઠામાં કોરોનાના વધુ ૦૭ કેસ નોંધાયા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં શુક્રવારે કોરોનાના વધુ ૦૭ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૪૨૩ એ પહોંચી છે. જયારે કુલ મૃત્યુઆંક ૬૧ પહોંચ્યો છે. સરહદી બનાસકાંઠા જિલ્લામાં શુક્રવારે કોરોનાના વધુ ૦૭ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં ૦૧, વેપારી મથક ડીસામાં ૦૧, વાવમાં ૦૧, કાંકરેજમાં ૦૧,અને દિયોદરમાં ૦૩ કેસ નોંધાયા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, કુલ ૬૧૧ સેમ્પલમાંથી ૦૭ કેસ પોઝેટિવ આવ્યા હતા. જયારે મૃત્યુઆંક ૬૧ એ પહોંચ્યો છે.

## બાકડાનો ઢગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરંતુ મોટાભાગના બાકડા તુટેલી હાલતમાં છે. જેના લીધે રાહદારીઓ માટે જોખમી સ્થિતિ ઉભી થઈ છે. તુટેલા બાકડા દુર કરવા માટે પણ કોઈ પગલા લેવાતા નથી. અગાઉ કોર્પોરેશનના નગર સેવકોએ સેકટરે સેકટરે બાકડા મુકી દીધા હતા જયારે ટુંકા સમયગાળામાં જ બાકડા તુટી જતા બેઠકના બાકડા હાલ સેકટરોમાં બબાલનુ કારણ બન્યા છે. શહેરના ઘ-૨ થી ચ-૨ વચ્ચેના માર્ગ પર ફુટપાથ પર મુકાયેલા બાકડા હાલ આવી જ સ્થિતિમાં જોવા મળી રહ્યા છે. આ તુટેલા બાકડા દુર કરવા માટે અનેકવાર સ્થાનિકોએ પણ રજુઆત કરી છે. આમછતા હજુ સુધી સેકટરોમાં બિનઉપયોગી બાકડાનો ઢગ ખડકાયેલો છે. બાકડા પરથી ઉઠતી આમ નાગરિકોની બક બક સત્તાધીશોના કાને પડતી નથી ત્યારે તુટેલા બાકડા પણ ભ્રષ્ટ વહીવટનો ઉત્તમ નમુનો બન્યા છે. કોર્પોરેશને અગાઉ જરૂરિયાત કે ઉપયોગીતાનો વિચાર કર્યા વિના જ સેકટરોમાં જયાં ખાલી જગ્યા દેખાય ત્યાં બાકડા ખડકી દીધા છે. જયારે દુવિધાઓથી ઘેરાયેલી ફુટપાથ પણ હાલ આ બાકડાઓથી ઘેરાયેલી છે.

## દરખાસ્ત થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોમાં બાકી કામો પુરા કરવા તંત્ર કામે લાગ્યુ છે. પરંતુ હજુ પણ જુના સેકટરામાં કેટલાક આંતરિક માર્ગોની હાલત અત્યંત ખરાબ છે. ત્યારે તંત્રએ સર્વે હાથ ધરીને જુના સેકટરામાં બાકી રહેતા માર્ગ સુધારણાના કામો સંદર્ભે પણ તંત્ર ટુંકમાં સર્વેના અંતે અભ્યાસ કરીને દરખાસ્ત કરશે. જો કે હાલ શહેરના સે-૬ અને સે-૭ માં આંતરિક માર્ગાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે ટુંકમાં સે-૧૭ અને સે-૧૯ માં પણ ટુંક સમયમાં માર્ગ સુધારણાનુ કામ ચાલુ થશે. ત્યારે બાકી રહેતા જુના સેકટરોમાં પણ માર્ગ સુધારણાની કામગીરી પુર્ણ કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં ઘણાં ઠેકાણે આંતરિક માર્ગોનુ ધાવાણ થયુ છે.

## ધામ બન્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રધાનમંત્રી મોદીજીએ ટ્વીટ કરતા જણાવ્યું હતું કે, કેવડિયા સ્થિત ધ ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક પોષણને સ્પર્શતા અનેકવિધ આયામો વિષે જાગૃતિ ફેલાવવા માટેનું સર્જનાત્મક સ્થળ છે. અહીંનું એક મહત્વનું આકર્ષણ છે ટ્રેન રાઈડ, જે તમને અલગ-અલગ સ્થળે લઈ જઈને વિધવિધ આકર્પણો દર્શાવશે. આરોગ્ય વનનું લોકાર્પણ કરતા પ્રધાનમંત્રી મોદીએ ટ્વીટ કરતા જણાવ્યું હતું કે, આ વન ભારતની ઔષધીય વૈભવના પ્રતીક સમાન છે. જ્યાં વિવિધ રોપાની સાથે ભારતની પ્રાચીન આયુર્વેદિક નીરોગિતાની પ્રણાલિકા તથા ઉત્તમ આરોગ્ય અંગેની જાણકારી પ્રાપ્ત કરવાનું સુંદર સ્થળ છે. એકતા મોલના ઉદ્ઘાટન સમય વડાપ્રધાન મોદી અત્યંત રોમાંચ અનુભવતા હતા, આ સ્થળ વિષે શાબ્દિક નિરૂપણ કરતા તેમણે જણાવ્યું હતું કે, એકતા મોલ ભારતના વૈવિધ્યપૂર્ણ હસ્તકલાના વારસાને એક જ સ્થળે પામવાનું સંગમસ્થાન છે. અહીં વડાપ્રધાન મોદીએ જમ્મુ-કાશ્મીર, પૂર્વ ભારતના રાજ્યોએ નિરૂપિત કરેલા હસ્તકલાના નમૂનાને માણ્યા હતા. માનવ સમુદાયના સ્વાસ્થ્ય અને સુખાકારીના વિષય વસ્તુને ધ્યાનમાં રાખીને જુદા જુદા વૈદિક વૃક્ષો સાથેનું આ આરોગ્ય વન ૧૭ એકરમાં પથરાયેલું છે. આરોગ્ય વનમાં યોગ, આયુર્વેદ અને ધ્યાનને ખાસ મહત્વ આપવામાં આવ્યું છે. ૩૮૦ પ્રજાતિના જુદા જુદા ૫ લાખ વૃક્ષો વાવવામાં આવેલા છે. આ વનમાં કમળ તળાવ, ગાર્ડન ઓફ કલર્સ, આલ્બા ગાર્ડન, લ્યુટીયા ગાર્ડન, એરોમા ગાર્ડન, યોગ અને ધ્યાન - સ્થળ, ઈન્ડોર પ્લાન્ટ સેકશન, ડિઝીટલ ઈન્ફર્મેશન સેન્ટર, સોવીનીયર શોપ, કાફેટેરિયા વગેરેનો સમાવેશ થાય છે. અહિના આરોગ્ય વેલનેસ સેન્ટરમાં કેરાલાના ડાંકટર અને નિષ્ણાત સ્ટાફ દ્વારા જુદી જુદી

નેચર થેરાપીનો પ્રવાસીઓને લાભ મળે છે. આરોગ્ય વનમાં પ્રવાસીઓ શારિરીક સુખાકારી સાથે કુદરત સાથે તાદમ્ય પણ અનુભવે છે. દેશ-વિદેશના પ્રવાસીઓ કેવડિયાની મુલાકાત દરમિયાન ખરીદીનો વિશિષ્ટ પ્રકારનો અનુભવ લઈ શકે તે માટે બે માળ અને ૩૫,૦૦૦ ચો.ફુટમાં પથરાયેલ વિશાળ એકતા મોલનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં દેશના જુદાજુદા રાજયોમાંથી ૨૦ જેટલા પરંપરાગત હેન્ડલુમ અને હેન્ડીક્રાફટ એમ્પોરીયા છે. એકતા મોલમાં દેશના જુદા જુદા રાજ્યોની વખણાતી ચીજવસ્તુઓ એક જ જગ્યાએથી ખરીદીનો પ્રવાસીઓ આનંદ માણે છે. જેમાં ગરવી ગુર્જરી, પુરબ, કૈરાલી, મુર્ગનૈની, પુમ્પુહર, ગંગોત્રી, કાવેરી, ખાદી ઈન્ડિયા, કાશ્મીર અને સીસીઆઈ એમ્પોરિયમ આવેલું છે. ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક અદ્યતન ટેકનોલોજી સંચાલિત વિશ્વનો સૌ પ્રથમ ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક છે. આ થીમ બેઝ પાર્ક ૩૫૦૦૦ ચોમી વિસ્તારમાં પથરાયેલો છે. બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી આ પાર્ક ખાસ ડિઝાઈન કરવામાં આવેલો છે. જેમાં બાળકો મીની ટ્રેન દ્વારા ૬૦૦ મીટર પ્રવાસ કરે છે. પ્રવાસ દરમિયાન ફળ-શાક ગૃહમ્, પાયોનગરી, અન્નપૂર્ણા, પોષણપુરમ્, સ્વસ્થ ભારતમ્ અને ન્યુટ્રી હંટ જેવા સ્ટેશનો આવે છે. આ સ્થળોમાં જુદી જુદી ૪૭ જેટલી ટેકનોલોજીનો ઉપયોગ કરી બાળકોને મનોરંજનની સાથે માહિતી મળે અને સહિ પોષણ-દેશ રોશન ચરિતાર્થ થાય તે પ્રયાસ કરવામાં આવ્યો છે.

## બીજી ઈનિંગે

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે હાથ ધોવા, સોશિયલ ડિસ્ટેંસિંગ જાળવવુ અને માસ્ક પહેરવું જરૂરી છે.

પ્રદૂષણ અને કોરોનાના બેવડા પડકારોને લઈને એઈમ્સના ડાયરેક્ટરે કહ્યું હતું કે, જ્યાં સુધી અત્યંત જરૂરી ના હોય ત્યાં સુધી બહાર જવાનું ટાળો. જરૂરી હોય તો માસ્ક પહેરો અને સોશિયલ ડિસ્ટેંસિંગનું પાલન કરતા તડકો નિકળ્યા બાદ જ જાવ. કોરોના વાયરસના કેસ ઘટી રહ્યાં છે. દિવાળી બાદ પણ જો કેસો આ રીતે ઘટતા જ રહ્યાં તો કહી શકાય કે કોરોનાની પીક ખતમ થઈ ગઈ છે. આપણે આવનારા કેટલાક અડવાડિયા સુધી વધારે સતર્ક રહેવાની જરૂર છે.

દિવાળી અને છઠ પૂજાને લઈને ડો ગુલેરિયાએ કહ્યું હતું કે, લોકોને વર્ચ્યુઅલી જ મળો, તહેવારોની ઉજવણી થોડી ઓછી કરો. આ બાબત સ્વાસ્થ્ય માટે જરૂરી છે. આવતા વર્ષે વધારે ઉજવણી કરજો. સામાન્ય ઈન્ફેક્શન ધરાવનારાઓને ફરીથી કોરોનાનું સંક્રમણ લાગી શકે છે. આમ એકવાર કોરોના થયા બાદ પણ ફરીથી કોરોનાનું સંક્રમણ થઈ શકે છે.

## કોરોના બેકાબુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યો છે. કુડાસણ ગામેથી પણ ૩ કેસ મળી આવ્યા છે. જેમાં ૪૬ વર્ષીય કર્મયોગી, ૪૦ વર્ષીય ગૃહીણી અને ૧૮ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ છ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સરગાસણ ગામેથી સરકારી નોકરી કરતી ૩૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

દહેગામ તાલુકાના નવાનગર ગામેથી ૨૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસા તાલુકામાંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. બન્ને કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે.

ઈટાદરા ગામેથી ૪૩ વર્ષીય ખેડૂત અને દેલવાડા ગામેથી ૪૪ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કલોલ તાલુકામાંથી પણ આજે ૩ કેસ મળી આવ્યા છે. જેમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને એક કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવેલ છે.

કલોલના છત્રાલ ગામેથી ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રણછોડપુરા (ધેધુ) ગામેથી ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૨૯ વર્ષીય ખાનગી નોકરી કરતા યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાતંત્રના સૂત્રોએ દાવો કર્યો છે જિલ્લામાં રિકવરી રેટ સારો છે. જિલ્લામાં આજે વધુ ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે જિલ્લામાં ૨૩૩૩ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૬૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૩,૭૦૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

## પ્રવેશ ફળવાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શિક્ષણ સમિતિના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦૮૬ બાળકોના એડમીશનની પ્રક્રિયા સંપન્ન થઈ ગઈ છે. હજુ ૪૨ વિદ્યાર્થીઓએ એડમીશન લીધુ નથી.

લોકડાઉન અને શાળાઓ ક્યારે શરૂ થશે તેની અવઢવમાં બાળકોએ એડમીશન નહિ લીધુ હોવાનું મનાઈ રહ્યુ છે. કોરોના અને લોકડાઉનને લઈ આ વખતે ઓગષ્ટની ૩૧મીએ સંપન્ન થતી પ્રવેશ પ્રક્રિયા હજુ સંપન્ન થઈ નથી એ પણ ઉલ્લેખનીય છે.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત જિલ્લામાં ૧૭૦ થી વધુ શાળાઓમાં પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો.

જિલ્લામાં આ વખતે ખાનગી શાળા છોડી અને સરકારી શાળામાં દાખલ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધવા પામી છે. આ વર્ષે ૨૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ખાનગી શાળા છોડી સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો છે.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ગાંધીનગર તાલુકામાં એક હજારથી વધુ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.